# ખાણ-ખનિજ વિભાગનો સપાટો ખનિજ ચોરીમાં ૧૦ ટ્રકો ડીટેઈન કરી

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર, ખેડબ્રહ્મા પંથકમાં ખનિજ માફીયાઓ દ્વારા બિનઅધિકૃત રીતે રેતી ખનિજનું વહન કરીને રાજસ્થાન મોકલવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો બાદ મંગળવારે મોડી રાત્રે ભૂસ્તર વિભાગની ટીમે વિજયનગર નજીકની રાણી બોર્ડર પર ઓચિંતી તપાસ હાથ ધરતા બિનઅધિકૃત રીતે રેતી ખનિજનું વહન કરતી ૧૦ ટ્રકો ડીટેઈન કરાઈ હતી. તેમજ ઝડપાયેલા આ વાહનોને વિજયનગર પોલીસ સ્ટેશન હવાલે કરાયા હતા. ખાણ-ખનિજ વિભાગે ઝડપાયેલા વાહન માલિકો વિરૂદ્ધ તપાસ સાથે દંડનીય કાર્યવાહી હાથ ધરતા ખનિજ માફીયાઓ ભૂગર્ભમાં ઉતરી ગયા હતા.

આ અંગેની વિગત એવી છે કે ખેડબ્રહ્મા તાલુકાના પંથાલ, ઉંચીધનાલ વિસ્તારમાં આવેલી સાબરમતી નદી વિસ્તારમાં રેતી ખનિજની બેફામ ચોરી કરવામાં આવતી હોવાની અવારનવાર ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે ભૂસ્તરશાસ્ત્રી તરૂણ.જે. પટેલ દ્વારા ખનિજ ચોરો સામે લાલ આંખ કરી વિવિધ સ્થળોએ ચેકીંગ ટીમો મોકલી તપાસ હાથ ધરી હતી. જે અંતર્ગત મંગળવારે વિજયનગરના રાણી બોર્ડર વિસ્તારમાં રેતી ખનિજની બિનઅધિકૃત રીતે વહન થતું હોવાની માહિતી મળતા મંગળવારે મોડી રાત્રે ભૂસ્તરશાસ્ત્રી તરૂણ પટેલના માર્ગદર્શન હેઠળ રોયલ્ટી ઈન્સપેકટર કે.કે. વ્યાસ, માઈન્સ સુપરવાઈઝર જે.પી. ઓઝા, સર્વેયર વી.એમ. ચૌધરી તથા નાકા કલાર્ક એ.એસ. દેસાઈની સંયુકત ટીમ દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવતા બિનઅધિકૃત રીતે રેતી ખનિજની હેરાફેરી કરતા ૧૦ ટ્રકોને ઝડપી લઈ ડીટેઈન કરાયા હતા.

ત્યારબાદ બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરતા ટ્રક માલિકો વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરી છે. સાથે સાથે તમામ વાહનોને વિજયનગર પોલીસ સ્ટેશન હવાલે મુકાવી વિભાગ દ્વારા તપાસ હાથ ધરી દંડનીય કાર્યવાહી શરૂ કરાઈ છે. જેના કારણે ખનિજ ચોરી કરતા માફીયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાંથી અન્ય રાજયમાં રેતી ખનિજના પરિવહન પર પ્રતિબંધ હોવા છતાં ખનિજ માફીયાઓ દ્વારા રાણી બોર્ડર પાસ કરીને રાજસ્થાન તરફ રેતી ખનિજની હેરાફેરી કરવામાં આવે છે ત્યારે ભૂસ્તરશાસ્ત્રી તરૂણ પટેલની કામગીરીથી ખનિજ ચોરોમાં ફફડાટ ફેલાયો છે.

## બાયડ પોસ્ટ ઓફિસમાં ઈન્ટરનેટ સેવા ઠપ

બાયડ, તા. ૧૨

હાલના આધુનિક યુગમાં બાયડનગરમાં આવેલી પોસ્ટ ઓફીસમાં છેલ્લા ૧૦ દિવસથી ઈન્ટરનેટ બંધ હોવાના કારણે સરકારી જાહેરાતમાં ચલણ ભરવાનું હોય તો બાયડ તાલુકાના વિદ્યાર્થીઓ દૂર દૂરથી આવી ધરમધક્કા ખાઈ વિલા મોંઢે પરત જાય છે. ત્યારે બાયડથી ૨૦ કિલોમીટર દૂર આવેલી અન્ય પોસ્ટ ઓફિસમાં આકરી ગરમી વચ્ચે ચલણ ભરવા માટે વિદ્યાર્થીઓને જવું પડે છે. આ મામલે વિભાગીય કચેરી દ્વારા યોગ્ય પગલા ભરવામાં આવે તેવું પ્રજાજનોનું કહેવું છે.

# બાયડમાં ભુગર્ભ ગટર યોજનામાં કથિત ગેરરીતિ મામલે વિજીલન્સની ટીમે તપાસ હાથ ધરી

ધનસુરા, તા. ૧૨

બાયડ નગરપાલિકામાં સરકાર દ્વારા ૧૫ કરોડ ઉપરાંતના ખર્ચે ભુગર્ભ ગટર યોજના મંજૂર ન હતા. પરંતુ બાયડ નગરપાલિકાના નવા નિમાયેલા પ્રમુખે આ બાબતે તાત્કાલિક ધોરણે તપાસ કરતા ભુગર્ભ ગટરયોજનામાં તપાસ કરતા સેમ્પલ લેવાનું નક્કી કરાતા હલચલ મચી જવા પામી હતી. બાયડ, બાયડ શહેરમાં ભુગર્ભ ગટરયોજનામાં કોન્ટ્રાક્ટર દ્વારા



કરવામાં આવી હતી. જે અંગેનું કામકાજ અંકીતા કન્સ્ટ્રકશન નામની કંપનીને સોંપવામાં આવ્યું હતું. પરંતુ કંપની દ્વારા કામોમાં વેઠ ઉતારી ચેમ્બરોમાં વ્યવસ્થિત કનેક્શનો આપવામાં આવ્યા ન હતા. જેને લીધે ટુંકા સમયગાળામાં બાયડનગરના અમુક વિસ્તારોમાં ચેમ્બરો ઉભરાઈ જવાના બનાવો બન્યા હતા. જેને લઈને રહીશો દ્વારા બાયડ નગરપાલિકામાં વારંવાર રજૂઆતો કરવા છતાં પણ ભુતકાળના સત્તાધીશો દ્વારા કોઈ પગલા ભરાયા ગેરરીતિ થઈ હોવાની શંકાને પગલે ઉચ્ચકક્ષાએ લેખીતમાં રજૂઆત કરતા આજરોજ ગાંધીનગર વીજીલન્સના અધિકારીઓ, મોડાસા અને બાયડ પાણી પુરવઠાના ઈજનેરો તેમજ નગરપાલિકાના અધિકારીઓએ સાથે મળીને બાયડની વૃંદાન સોસાયટી, ઘનશ્યામ સોસાયટી, ગાયત્રી મંદિર રોડ વિસ્તાર તેમજ અરજણવાવ અને ગીરીરાજ સોસાયટી ખાતે તપાસ હાથ ધરી હતી. જ્યારે તપાસમાં બાયડમાં આવેલ ગીરીરાજ સોસાયટીમાંથી આડેધડ કામ કરાતા નગરમાં ચેમ્બરો ઉભરાઈ જવાના બનાવ બન્યા હતા. જેને લઈને રહીશો દ્વારા બાયડ નગરપાલિકામાં રજૂઆત કરતા નગરપાલિકાના પ્રમુખ દ્વારા આ અંગે તપાસ કરતા ભૂગર્ભ ગટરયોજનાના કામમાં ગેરરીતિની આશંકાના પગલે વિજીલન્સ તેમજ તકેદારી આયોગમાં લેખીતમાં ફરીયાદ કરી હતી. જેને પગલે આજે બાયડ નગરમાં વીજીલન્સ અધિકારીઓ દ્વારા ભુગર્ભગટરયોજનાના કામની તપાસનો દોર આરંભાતા હલચલ મચી જવા પામી હતી.





**પ્રાંતિજમાં બ્રહ્માણી માતાનો પાટોત્સવ યોજાયો**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ શ્રી બ્રહ્માણી માતાજીના મંદિર ખાતે મંદિર વ્યવસ્થાપકો દ્વારા પ્રથમ પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિદ્ધ શ્રી બ્રહ્માણી માતાજીના મંદિર ખાતે બુધવારના રોજ એક દિવસીય પ્રથમ પાટોત્સવ યોજાયો હતો. જેમાં મંદિરના વિશાળ ચોકમાં યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાંજે ૫.૧૫ કલાકે શ્રીફળ હોમવામાં આવ્યું હતું. જ્યારે હવનના મુખ્ય યજમાન અમૃતભાઈ ગણપતભાઈ પટેલના યજમાન પદે યોજાયું હતું. જેમાં પ્રાંતિજ ખાતે રહેતા પટેલ સમાજના ભાઈ બહેનો તથા તાલુકામાંથી પટેલ સમાજના ભાઈબહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને દર્શન કરી મહાપ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. જ્યારે રાત્રી દરમ્યાન બ્રહ્માણી ચોકમાં રાસ-ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગરાબ રસિકો ગરબે ગુમ્યા હતા.

# સીતવાડા ગામે સાબરમતી નદીમાંથી ખનીજ ચોરી અટકાવવા ગ્રામજનોએ તંત્રને આવેદનપત્ર પાઠવ્યુ

## કાર્યવાહી હાથ નહીં ધરાય તો ગ્રામજનો દ્વારા ભુખ હડતાલ પર બેસવાની ચીમકી

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા પાસે આવેલ સાબરમતી નદીમાં થતી ખનીજ ચોરી અટકાવવા સીતવાડા ગ્રામજનો દ્વારા પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદનપત્ર આપ્યું.

પ્રાંતિજ તાલુકાના સીતવાડા ખાતે આવેલ સાબરમતી નદીમાં રાત-દિવસ નિયમોને નેવે મુકીને કાયદાની ઐસી કી તૈસી કરી બેફામ રેતીનું ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર ચોરી કરી ભારે વાહનો ટ્રેક્ટરો હંકારીને ગામમાંથી અવર જવર કરતા ગાડીઓના અવાજથી ગામમાં રહેતા ગ્રામજનોની ઉંઘ હરામ થઈ ગઈ છે. અને રાત દિવસ બેફામ ખનીજ ચોરી કરી વાહનો પણ ફૂલફાસ્ટ હંકારી અબોલા પશુઓ તેમજ રાહદારીઓને અવારનવાર હડફેટે લેતાં અકસ્માતો સર્જી કેટલાંય અબોલા પશુઓને મોટા ભારે વાહનોને લીધે અકસ્માતમાં જીવ ગુમાવ્યાનો વારો આવ્યો છે. અને ગામમાં રાત-દિવસ વાહનોની અવરજવરથી ધૂળની ડમરીઓ રાત દિવસ ઉડ્યા



કરે છે. લોકોના સ્વાસ્થ્ય માટે પણ હાનીકારક હોવાથી ગ્રામજનો, જીલ્લા સદસ્ય મિલકતસિંહ, તાલુકા પંચાયત અધ્યક્ષ બેચરસિંહ, સરપંચ રણજીતસિંહ, સનાતન ધર્મ આશ્રમના મહંત વસરામ મહારાજ તેમજ ગામના અગ્રણીઓ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અને તાલુકા સેવા સદન ખાતે પ્રાંતિજ-તલોદના પ્રાંત અધિકારી એ.આર. ચૌધરી, પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયા સહિત બે જગ્યાએ આવેદનપત્ર આપ્યું હતું અને દિન દસ સુધી કોઈ કાર્યવાહી નહી થાય તો ગ્રામજનો દ્વારા ભુખ હડતાળ ઉપર ઉતરવાની ચિમકી આપી છે.

# હિંમતનગરમાં બાઈક ચોરીનો પર્દાફાશ : બે શખ્સ ઝડપાયા

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી બાઈક ચોરીની ઘટનાઓ વધી રહી છે. વાહન ચોરીના ગુનામાં ગાંધીનગર જિલ્લાની માણસા પોલીસે વાહન ચોરીના ગુનામાં ઝડપેલ બે શખ્સોએ હિંમતનગરમાં પણ વાહન ચોર્યાની કબુલાત કરતા હિંમતનગર પોલીસ બંને શખ્સોને ટ્રાન્સફર વોરંટથી હિંમતનગર લઈ આવી હતી. જેમાં પોલીસે બંને શખ્સોની પુછતાછ દરમિયાન ત્રણ વાહન ચોરીના ગુનાની કબુલાત કરતા પોલીસે ચોરીના ત્રણેય વાહનો કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગર બી-ડીવીઝનના પી.એસ.આઈ. ડી. ડી. પરમારે જણાવ્યું હતું કે હિંમતનગર શાકમાર્કેટ પાસેના પાર્કીંગમાંથી સુરેશભાઈ રામાભાઈ પટેલની બાઈક નં. જીજે.૯.એટી. ૩૪૯૨ ચોરી બે શખ્સો ગાંધીનગર જિલ્લાના માણસામાં બોલેરોની ચોરી કરી હતી. તે દરમિયાન બંને શખ્સોએ બાઈકને ત્યાં મુકી બોલેરો ચોરી ભાગી છુટ્યા હતા. માણસા પોલીસો કોલ ડીટેઈલના આધારે તા. ૭મેના રોજ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મોટા નટવા ગામે રહેતા નીતિન નગાભાઈ ડોડીયા તેમજ સરસવા ગામે રહેતા પ્રવિણ ઉર્ફે પિન્ટુ તેરસીંગ ડામોરને તેમના ઘરેથી ઝડપી લીધા હતા.

ત્યારબાદ બંને શખ્સોએ હિંમતનગરમાંથી પણ બાઈક ચોરીઓ કર્યાની કબુલાત કરતા બી-ડીવીઝન પોલીસે ટ્રાન્સફર વોરંટથી બંનેને હિંમતનગર લઈ આવી હતી. પોલીસે બંનેને મંગળવારે કોર્ટમાં રજુ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા બાદ પુછતાછ કરતા હિંમતનગરની અક્ષર સોસાયટીમાંથી એક બોલેરો તેમજ શાકમાર્કેટ, બહુમાળી ભવનમાંથી ત્રણ બાઈકો ચોરી કર્યાની કબુલાત કરી હતી. જેથી હિંમતનગર બી-ડીવીઝન પોલીસે આ બંને શખ્સો પાસેથી ચોરીની ત્રણ બાઈકો કબજે લી વધુ તપાસ હાથ ધરી છે. વધુમાં જણાવેલ કે આ બંને જણા ડુપ્લીકેટ ચાવીથી બાઈક અને બોલેરો ચોરી કરતા હતા. પોલીસે હિંમતનગરના બી-ડીવીઝન વિસ્તારમાં બહુમાળી ભવનના પાર્કિંગ અને બહુમાલી બહારથી ચોરી કરેલ નં. જીજે.૯.એટી.૩૪૯૨, જીજે.૯.એબી.૫૬૭૬ તેમજ જીજે.૯.સીપી.૫૪૯૫ બે બાઈકો હિંમતનગરના ધાણધા જીઆઈડીસી પાછળ જંગલમાં ખાડામાં સંતાડેલી મળી આવી હતી. જે કબજે લીધી હતી તો બીજી તરફ માણસા પોલીસે કબજે લીધેલ અન્ય એક બાઈક લાવવાની કાર્યવાહી હાથ ધરી છે.

## બાયડ પ્રાથમિક શાળા મામલે કલેક્ટરે કાર્યવાહીનો આદેશ કર્યો

બાયડ, તા. ૧૨

બાયડ ગામમાં આવેલી વર્ષો જૂની ખંડેર પ્રાથમિક શાળા મૃતપાય અવસ્થામાં છે. જેને લઈ ગતરોજ સમાચાર પત્રમાં આ પ્રાથમિક શાળાના સમાચાર છપાયા હતા અને તંત્રના અધિકારીઓ તુરંત તપાસમાં લાગી ગયા હતા. આ સમગ્ર મામલે જિલ્લા કલેક્ટરે જિલ્લા શિક્ષણઆધિકારીને કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા.

જિલ્લા કલેક્ટરે આ મામલે સખતપણે પગલા ભરવામાં આવશે અને સરકારી મિલ્કતને યોગ્ય રીતે ઉપયોગમાં આવે તે હેતુથી અમે કાર્યવાહી કરીશું તેમ જણાવ્યું હતું.

## માંડવ એપાર્ટમેન્ટમાંથી ૬૫ હજારના બાઈકની ચોરી

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગરના મહાવીરનગરમાં આવેલા માંડવ એપાર્ટમેન્ટમાં રહેતા અને મંડપ ડેકોરેશનનો વ્યવસાય કરતા પરસોત્તમભાઈ રામજીભાઈ બંસલે મંગળવારે રાત્રે પોતાની બજાજ એવેન્જર મો.સા. નં. જીજે.૯.સીએસ.૫૫૫૫ એપાર્ટમેન્ટના પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. રૂ. ૬૫ હજારની કિંમતનું બાઈક કોઈ ગઠિયો ચોરી લઈ જતા તેમણે વાહન ચોરીના મામલે બુધવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મામલો દર્જ કરાવ્યો હતો.

## પત્નીની હત્યા કરનાર પતિને ત્રણ દિવસના રિમાન્ડ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના છાપીના વૈદ્ય કાન્તીભાઈ પ્રજાપતિએ સોમવારે રાત્રે ઘર કંકાશને કારણે તેની પત્ની ચંદ્રિકાની હત્યા કરી નાખી હતી. હત્યા કાન્તીભાઈએ પોતે કરી હોવાની કબુલ્યા બાદ બુધવારે પોલીસે કાન્તીભાઈની ધરપકડ કરી હતી. ગુરૂવારે ઈડર ચીફ જ્યુડીશીયલ કોર્ટમાં રજૂ કરતા રિમાન્ડ મંજુર કર્યા હતા.

## બંધણા નજીકથી ૬.૪૩ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો

હિંમતનગર, તા. ૧૨

વિજયનગરના બંધણા ગામે અશોક લેલન્ડ ટેમ્પોમાં રાજસ્થાનથી ગુજરાતમાં ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વિના ઘુસાડાતો રૂ. ૬.૪૩ લાખથી વધુની મત્તાનો વિદેશી દારૂ ઝડપી લીધો હતો. પોલીસે ટેમ્પો અને વિદેશી દારૂ મળી રૂ. ૯.૪૩ લાખથી વધુનો મુદ્દામાલ બુધવારે સાંજે ઝડપી પાડ્યો હતો. જ્યારે ટ્રકચાલક ફરાર થઈ જતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજમાં ઢાબા માલિકને ગેરકાયદેસર દબાણ હટાવવા તંત્ર દ્વારા નોટીસ

પ્રાંતિજ, તા. ૧૨

પ્રાંતિજ ખાતે તાજેતરમાં લોક સંવાદ સેતુ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ સાંઈનાથ દાલબાટીના માલિક દ્વારા દુકાન આગળ સેડ મારી રસોડુ તાણી બાંધતા તેમના વિરૂદ્ધમાં અરજી કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈ પાલિકા દ્વારા નોટીસ પાઠવવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે તાજેતરમાં લોકો સંવાદ સેતુ યોજાયો હતો. જેમાં રાવલ ધવલભાઈ દ્વારા એપ્રોચરોડ ઉપર આવેલ ઈશ્વરકૃપા શોપીંગ સેન્ટરમાં આવેલ દુકાન સાંઈનાથ દાલબાટી કે જેના માલિક ઠાકોર સુરેશકુમાર મેવારામ વિરૂદ્ધ દુકાન આગળ દબાણ કરી પતરાંનો શેડ મારી ગેરકાયદેસર રસોડું ઉભુ કરી દેતા અરજીને લઈને પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સાંઈનાથ દાલબાટીના માલિકને દબાણ દૂર કરવા માટેની નોટીસ ફટકારી છે અને જો દિન ચારમાં દબાણ દૂર નહીં કરાય તો પાલિકા દ્વારા તેમના ખર્ચે અને જોખમે ઓફિસ કામકાજના સમય દરમ્યાન તોડી પાડવામાં આવશે જેની નોંધ લેવા લેખિતમાં જાણ કરી છે.







**ઈડર તાલુકાની માઈનોર કેનાલોનું મંત્રી રમણલાલ વોરાએ નિરક્ષણ કર્યું**

સાબરકાંઠા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી સાથે પશુધનને પણ પીવાલાયક પાણી મળી રહે તે માટે જિલ્લાના હિંમતનગર, ઈડર અને વડાલી તાલુકામાં માઈનોર કેનાલનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ગ્રામિણ લોકોને પુરતુ પાણી મળી રહે છે કે નહિ તે માટે રાજયના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાએ આજે હિંમતનગર તાલુકાના ઉમીયાનગર તથા ઈડર તાલુકાના વિરપુર, કાવા, સાબલવાડ, લેઈ સમલાપુર, ઉમેદગઢ, ગુલાબપુરા ગામની માઈનોર કેનાલની મુલાકાત લીધી હતી. જયાં ઉપસ્થિત લોકો સાથે ચર્ચા કરી પાણીની સમસ્યા નિવારવા માટે ખાત્રી આપી હતી.